## જન્મદિને વધામણી



રાજન શાહ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૫૪૯૪૦



કપિલ એસ બેન્કર
મો. ૯૬૬૨૦ ૨૦૧૬૦



કિરણબેન એમ. ગોહેલ
મો. ૯૬૨૪૫૩૯૨૧૨



કાવ્ય કે. સોલંકી
મો. ૯૬૨૪૫૩૯૨૧૨

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**
**- સંપાદક**

# બીબીએ કૉલેજ દ્વારા 'એક્ષ્પોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન' કોર્સની ત્રીજી બેચની શરૂઆત






ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો જેમાં હાલ ૨૦ વિદ્યાર્થીઓ જોડાઈ ચુક્યા છે.તેમજ અનેક વિદ્યાર્થીઓએ જોડવા માટેની ઉત્સુકતા દર્શાવી છે. બેચની શરૂઆત આચાર્યશ્રી ડો રમાકાંત પૃષ્ટિ સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. તેઓએ વિદ્યાર્થીઓને સાંપ્રત સમયની માંગ મુજબનો સર્ટીફીકેટ કોર્સ પસંદ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.તેમજ વિદ્યાર્થીઓ આ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓની ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે.તેવી શુભકામના પાઠવી હતી.

વધુમાં તેઓએ એક્સપોર્ટ ડોક્યુમેન્ટેશન ની મહત્તા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કાર્ય હતા. સમય ની મહત્તા સમજી તેનો સદ્દુપયોગ કરવા જણાવ્યું હતું. તેમજ આવતા સમય માં એક્સપોર્ટની સાથે સાથે ઈનપોર્ટ રેમજ જીએસટી બાબતે પણ કોર્સ માં બદલાવ કરવા ની બાબત જણાવી હતી. તેમજ ભારત સરકાર ની એક્સપોર્ટ પ્રમોશન બાબતે અમલ માં મુકવા માં આવેલ યોજનાઓ માં મહતમ આ કોર્સમાં તાલીમ આપવા આવનાર તજજ્ઞ લોકોનો વિદ્યાર્થીઓ મહત્તમ લાભ ઉઠાવે તેમ તેઓએ જણાવ્યું હતું.

ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને જણાવ્યું કે આ કોર્સ માં ઉત્તીર્ણ થયેલ બે વિદ્યાર્થીઓ નું પ્લેસમેન્ટ બેંક માં થઈ ગયું છે. જે બેંક માં પણ કરન્સી એક્સચેન્જ તેમજ એક્સપોર્ટ વિભાગ ની જવાબદારી સંભાળશે. આમ ઉપરોક્ત કોર્સ વિદ્યાર્થીઓ ને મેનેજમેન્ટ ના ક્ષેત્ર માં અગ્રેસર કરશે તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.આજના યુગમાં વિદ્યાર્થીઓ એ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મુકવો જરૂરી બન્યો છે. મેનેજમેન્ટનો વિદ્યાર્થી સફળતા ત્યારેજ હાંસલ કરી શકે જયારે તેમનામાં ધંધાકીય કાર્યોના દરેક ક્ષેત્રે નિપુણતા કેળવેલ હોય. સાંપ્રત સમયમાં ભારતના અર્થતંત્રમાં ધરખમ ફેરફારો જણાઈ રહ્યાછે.તેમજ વિદેશ વ્યપાર નીતિ દ્વારા અર્થતંત્ર મજબુત કરવાના દેશના પ્રયાસોમાં અત્રેની કોલેજ દ્વારા એક્સપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશનનો કોર્સ શરુ કર્યો. કારણકે આગામી દિવસોમાં એક્સપોર્ટ-ઈનપોર્ટ એક્ટીવીટી ને લગતા ધંધાકીય ક્ષેત્ર ના અલગ-અલગ કર્યો માટેની નિપુણ અને જ્ઞાનકૌશલ્ય વર્ધક મેનપાવરની તાતી માંગ ઉભી થનાર છે. આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓની ''કોન્પીટન્સી'' ડેવલોપ થશે જે તેઓના નોકરી મેળવવા તેમજ ધંધાકીય એકમની સ્થ્ગપના કરવા માં ખુબ ઉપયોગી સાબિત થશે.આજે પ્રથમ દિવસે તજજ્ઞ અધ્યાક દ્વારા વિદ્યાર્થીઓને ભારત-ચીન ના તુલનાત્મક એક્સપોર્ટ બાબતો તેમજ ચીન અમેરિકા ના એક્સપોર્ટ વોર ના કારણે યુરોપિયન તેમજ એશિયન દેશો ને મહત્તમ લાભ મળશે અને તેમાં આપ સૌ વિદ્યાર્થીઓ ની કારકિર્દી પણ ઉજવવળ બનશે તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

સમગ્ર સર્ટીફીકેટ કોર્સ બાબતે કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના તેમજ તૃતીય બેચના કોર્સ કો-ઓર્ડીનેટર ડો.આશિષ ભુવા દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવા માં આવી હતી.

# મીની નેશનલ ફેન્સીંગ ચેમ્પીયનશીપમાં ગુજરાતના ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



ગાંધીનગર, તા. ૨૫

ફેન્સીંગ એસોસીએશન ઑફ ઈન્ડિયાના ઉપક્રમે મહારાષ્ટ્ર ફેન્સીંગ એસોસીએશન દ્વારા શિરડી, મહારાષ્ટ્ર ખાતે તાજેતરમાં મીની નેશનલ ફેન્સીંગ ચેમ્પીયનશીપ યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ મેળવી રાજયને ગૌરવ અપાવ્યું હતું.

૧૨ વર્ષથી નાની વયના ખેલાડીઓ માટેની આ અંડર-૧૨ મીની નેશનલ ફેન્સીંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતના ખેલાડીઓ છવાઈ ગયા હતા. ગુજરાત તરફથી કુલ ૨૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૨૦ ખેલાડીઓ મેડલ જીત્યા હતા. જેમાં બહેનોના વિભાગમાં નયના ચૌધરી, ગમાર રસીયા, તલાર શૈલેશા અને મીરા બંક્ષી એ ઈપી ટીમે ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જયારે શિલ્પા ચૌધરી, રીંકલ ચૌધરી, વાદી રીંકુ અને પ્રજાપતિ માહિએ સેબર ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

ભાઈઓના વિભાગમાં સરવૈયા હર્ષદીપ, રાઠોડ વિક્રમ, રાણા દુષ્યંત અને પટેલ ભવ્યએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. અને પ્રજાપતિ જલ્પ, પટણી રોહિત, પટણી વિક્રમ અને પટેલ બ્રિજેશ એ ઈપી ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ તથા આર્યન, સુનીલ, ધવલ અને શુભમ એ ફોઈલ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તદ્ ઉપરાંત ફોઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં સુનિલે બ્રોન્ઝ તથા સેબર વ્યક્તિગત ઈવેન્ટમાં સરવૈયા હર્ષદીપે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. વિજેતા તમામ ખેલાડીઓએ એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઑફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોર તથા પ્રમુખ મનીષકુમાર સોલંકીએ અભિનંદન પાઠવ્યા હતા.

## જન્માષ્ટમી નિમિતે વેશભુષા હરિફાઈનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

પુજન ડાન્સ એકેડેમી, ગાયત્રી પરિવાર તથા લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર ના સંયુકત ઉપક્ર્મે તા. ૩/૦૯/૨૦૧૮ સોમવાર રોજ જન્માષ્ટમી નિમિતે ગાયત્રી મંદિર સેકટર-૧ ખાતે વેશભુષા હરિફાઈ નું આયોજન કરેલ છે. બાળકોમાં ૩ વર્ષ થી ૭ વર્ષ, ૭ વર્ષ થી ૧૫ વર્ષ, તથા ૧૫ વર્ષ થી ઉપરના બાળકો પણ ભાગ લઈ શકશે. વધુ માહિતિ માટે તથા આપનું નામ - પ્રજ્ઞા ગજ્જર – ૯૯૦૪૨ ૫૧૬૫૧, ડિમ્પલ દેસાઈ – ૯૯૨૫૨ ૩૪૯૯૦, જશુબેન ઠક્કર - ૭૬૨૧૦ ૨૫૧૪૨, તથા ગાયત્રી મંદિર સેકટર -૧ ખાતે નોંધવવા માટે વિનંતી છે. નિશુ:લ્ક રજીસ્ટ્રેશન છે. પુજન ડાન્સ એકેડેમી ના બાળકો દ્વારા નુત્ય નાટિકાઓ પણ પ્રસ્તુત કરવાના છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રક્ષાબંધનની ભવ્ય ઉજવણી







ગાંધીનગર, તા. ૨૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શુક્રવારના દિવસે શામળાજી વિસ્તારનાં અંતરયાળ નિશાળોમાં રક્ષાબંધન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

દેવની મોરી, ભવાનપુર, હિમ્મતપુરા, વાઘફુરા, ભીમપગલા, સરકી લીમડી, સામેરા તથા શામપપુરાની નિશાળોમાં કુલ ૭૮૦ થી વધારે વિદ્યાર્થીઓએ એકબીજાને રાખડી બાંધી હતી. હર્ષ ઉલ્લાસમાં કરાયેલ આ કાર્યમાં અશોક રીંડાણી, શશીકાન્ત મોઠા, મિલિન્દભાઈ તથા શિક્ષકોએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. પ્રત્યેક નિશાળમાં બે વડના છોડ લગાવ્યા તથા સરકી લીમડી અને સામેરામાં નવા કપડાં તથા ભવાનપુરમાં વિદ્યાર્થીઓને નાસ્તો કરાવ્યો હતો.

# સ્કૂલ ઓફ ઍચિવર ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી













સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ થી ૭ના વિદ્યાર્થીઓએ રાખડી ડેકોરેશન કોમ્પીટીશનમમાં પોતાની સર્જનાત્મકતા ચરિતાર્થ કરી હતી. ધોરણ-૮ થી ૧૦ના વિદ્યાર્થીઓએ હાઉસવાઈઝ રંગોળી હરિફાઈમાં રક્ષાબંધનની મહત્તાને ઉપસાવી હતી. વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો મધુર અને સુમેળભર્યા કરવાનો અવસર શિક્ષકો દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો. નાના બાફકો દ્વારા થયેલું કાર્યક્રમનું સંચાલન અનેરી બાબત બની હતી. સમગ્ર દિવસ દરમિયાન ઉત્સવને અનુરૂપ વાતાવરણ સર્જાય તેવા ગીતોનો મંદ-મધુર સ્વર રેલાઈ રહ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈનચાર્જ શિક્ષકોએ સુંદર કામગીરી બજાવી હતી. કાર્યક્રમના અંતમાં શાળાના આચાર્યશ્રીએ રક્ષાબંધનની શુભેચ્છા પાઠવી હતી.

## દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા વાર્તા-કાવ્ય પઠન કાર્યક્રમ યાજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા 'વાર્તાવાંચન - કાવ્યપઠન' અને તે વિષે વિવેચન અને વિચાર-વિમર્શનો કાર્યક્રમ યોજાઈ ગયો હતો. સંસ્થાના મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. પાલનપુરના જાણીતા વાર્તાકાર ધરમાભાઈ શ્રીમાળી દ્વારા સ્વલિખિત વાર્તાઓ 'રથ' અને 'હાંશિયો' નું વાંચન કરવામાં આવ્યું હતું. ખેડાના કવિ અને વાર્તાકાર કનુભાઈ અસામલીકર દ્વારા સ્વરચિત ગઝલ-કાવ્યોનું પઠન કરવામાં આવવ્યું હતું. સાહિત્યાકર - પત્રકાર ડૉ. સ્વપ્રિલ મહેતા દ્વારા 'તથાસ્તુ'નું નાટક વાંચન કરવામાં આવ્યું હતું. મહેતાનો પરિચય ડૉ. મોહનભાઈ પરમાર દ્વારા આપવામાં આવ્યો હતો.

ડૉ. મોહન પરમાર, ડૉ. યશંવંત વાઘેલા, રામભાઈ સોલંકી, દલપત ચૌહાણ, રમણ વાઘેલા, નટુભાઈ પરમાર, મૂળજીભાઈ પરમાર, ભીખાભાઈ અમીન, ધરમાભાઈ શ્રીમાળી, કનુભાઈ અસામલીકર, સ્વપ્રિલ મહેતા, બાબુભાઈ નાયક, હરગોવિંદ મકવાણઆ, ડૉ. નરસિંહભાઈ વણકરે ભાગ લીધો હતો. આભારવિધિ ડૉ. યશંવત વાઘેલાએ કરી હતી. સંચાલન મૂળજીભાઈ પરમારે કર્યું હતું.

# રક્ષાબંધન એટલે ભાઈ-બહેનનો અલૌકિક પ્રેમનો પવિત્ર તહેવાર

માનવજાતમાં 'મા'નો પ્રેમ અને શુશ્રુષા બીજું કોઈ જ દાખવી ન શકે. માતૃપ્રેમ પછી જગતમાં ભગિની પ્રેમનું સ્થાન છે. આ બે સંબંધોની તોલે જગતમાં બીજો કોઈ સબંધ ન આવે. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્નિ વગેરેના પ્રેમમાં માત્ર સ્વાર્થ હોય છે. જ્યારે માતૃપ્રેમ અને ભગિની પ્રેમ નિ:સ્વાર્થ, નિષ્કલંક અને પવિત્ર હોય છે. એ પ્રેમને કેળવણી, જ્ઞાન, ધન કે બીજી કોઈ વસ્તુ સાથે સંબંધ નથી. શહેરી કે ગામડિયણ, ભણેલી કે અભણ પ્રત્યેક માતા અને બહેનના હૃદય મધ્યે માત્ર બાળક અને ભાઈ માટે નિ:સ્વાર્થ પવિત્ર પ્રેમ જ હોય છે.



ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ માટે આપણી ધર્મ-સંસ્કૃત્તિએ બે તહેવારોની પણ ઉજવણી રાખી છે.ભાઈબીજ અને બળેવ. ભાઈબીજને દિવસે ભાઈ બહેનને ત્યાં જમવા જાય છે અને ભાઈ પોતાની શક્તિ પ્રમાણે બહેનને વીરપસલી ધરે છે. જ્યારે બળેવને દિવસે બહેન ભાઈ ને ત્યાં આવે અને ભાઈને રાખડી બાંધી શુભ અને દિર્ઘાયુ ઈચ્છે છે. ભાઈ યથાશક્તિ હૃદયપૂર્વકની લાગણીથી પોતાની ભેટ ધરે છે.

બહેન કેવળ ભાઈના સ્નેહની જ ભૂખી હોય છે.એ તો ભાઈ ને ફક્ત એટલું જ કહે છે '' ''ભૈયા મેરી રાખી કે બંધન કો ન ભુલાના''. ભારતના ઈતિહાસમાં મુગલ રાજા હુમાયુ અને રજપૂત રાણી કર્ણાવતીના રક્ષાબંધનનો પ્રસંગ ભાઈ-બહેનના હેત માટે જાણીતો છે. કર્ણાવતીએ મુગલ રાજા હુમાયુને રાખડી મોકલી પોતાનો ધર્મનો ભાઈ બનાવ્યો અને એ રાજા ધર્મ, જાતિ અને દેશના ભેદ ભૂલીને બહેનની મદદે દોડી ગયો હતો.

આપણા અર્વાચીન કવિઓ-મેઘાણી, ન્હાનાલાલ અને બોટાદકરે અને પ્રત્યેક સાહિત્યકારોએ ભાઈ-બહેનના નિ:સ્વાર્થ પ્રેમ માટે ઘણું ઘણું લખ્યું છે. લોક સાહિત્યમાં ભાઈ-બહેનના હેત માટે હૃદયને સ્પર્શી જાય એવાં ઘણાં ગીતો પણ મળી આવે છે.

બેનડીના મુખમાંથી નીકળતા શબ્દો, 'ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ' સાંભળી ક્યા ભાઈનું હૃદય નહિ સમાતું હોય? બહેનના આશિષ માટે એનો વીરો આપી આપીને પણ શું આપવાનો? વિશ્વની કોઈપણ અમુલ્ય ભેટ પણ બહેનના પવિત્ર સ્નેહ પાસે તુચ્છ જ ગણાય.

આ અલૌકિક, નિ:સ્વાર્થ અને હૃદયના તાંતણે બંધાયેલા હર્યાભર્યા ભાઈ-બહેનના હેતના વર્ણન માટે તો જગતના મહા કવિઓ કલમ ચલાવે તોય એમાં અપૂર્ણતા જ રહેશે. વિશ્વના પ્રત્યેક ભાઈ માટે આ પવિત્ર રક્ષાબંધનનો તહેવાર જીંદગીના નિ:સ્વાર્થ પવિત્ર પ્રેમનું અવિરત ઝરણું અને સંભારણું બની રહે છે.

## રાંધેજા ખાતે રંગતાલ પ્રિ. સ્કૂલમાં રક્ષાબંધનની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૫

રંગતાલ પ્રિ - સ્કૂલ રાંધેતા ખાતે રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. બહેન-ભાઈના પ્રેમનો અતૂટ બંધનનો તહેવાર એટલે 'રક્ષાબંધન.' આજના આ પવિત્ર તહેવાર નિમિત્તે શાળાના નાના ભૂલકાઓએ એકબીજાને રાખડી બાંધીને મોં મીઠું કરાવીને બહેનોએ પોતાના ભાઈની રક્ષાની દોર બાંધીને આજના પવિત્ર તહેવારની રક્ષાબંધનની ઉજવણી કરી હતી.